**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૪ ડિસેંબર ૨૦૦૯**

# ભાજપ સભ્યપદ ઝુંબેશ માં દહિસરવાસીઓનો પ્રતિસાદ

**મુંબઈ,શુક્રવાર :** ભારતીય જનતા પક્ષે મહારાષ્ટ્ર માં હાથ ધરેલ સભ્યપદ ઝુંબેશમાં ગઈકાલે દહિસરમાંના વૉર્ડ ક્ર.૨ માં જાહેર સભ્ય નોંધણી કરવા માટે આવેલ માજી કેંદ્રિય પ્રધાન શ્રી રામ નાઈકને દહિસરવાસીઓએ ઉત્સાહજનક પ્રતિસાદ આપ્યો હતો.

આખા મુંબઈભરમાં પાંચ લાખ નાગરિકોને સભ્ય નોંધવાનો સંકલ્પ ભાજપ મુંબઈએ કરેલ છે.આ ઝુંબેશમાં ઉત્તર મુંબઈ થી એક લાખ પચ્ચીસ હજાર સભ્ય નોંધવામાં આવશે. તે માટે ઉત્તર મુંબઈનાં વૉર્ડ-વૉર્ડમાં જઈ જાહેર સભ્ય નોંધણી કરવા માટે ભાજપ નેતા શ્રી રામ નાઈકે ગઈકાલે દહિસર વિધાનસભાના વૉર્ડ ક્ર.૨ થી શરૂઆત કરી હતી.

આ જાહેર સભ્ય નોંધણી કાર્યક્રમને નાગરિકોએ ઉત્સાહજનક પ્રતિસાદ આપ્યો હતો.વિશેષમાં મહિલાઓએ બહોળા પ્રમાણમાં સાથે આવી ભાજપનું પ્રાથમિક સભ્યપદ સ્વિકારીને સર્વેને ચોંકાવ્યા હતા." વધતી મોંઘવારીમાં ઘર ચલાવવું અમને આકરૂં થઈ પડયું છે. આ મોંઘવારીનાં વિરોધમાં ભાજપ મારફતજ અમે અવાજ ઉઠાવી શકીશું", તેવો વિશ્વાસ પણ આ મહિલાઓએ વ્યકત કર્યો છે.ફકત બે કલાકમાં શ્રી રામ નાઈક અને અન્ય સ્થાનિક પદાધિકારીઓએ ૨૫૦ સભ્ય નોંધણી કરી હતી.ભાજપ ઉત્તર મુંબઈ ના મહામંત્રી ઍડ.જયપ્રકાશ મિશ્ર,દહિસર મંડળનાં અધ્યક્ષ શ્રી શ્રીકાંત પાંડે,મંત્રી શ્રી જગદીશ ઓઝા, તેમજ ઍડ.રવિંદ્ર કદમ, સર્વશ્રી અશોક મિશ્ર, દીનબંધુ યાદવ, જનાર્દન દુબે વગેરે સ્થાનિક પદાધિકારી પણ આ પ્રસંગે સામેલ થયા હતાં.

**( કાર્યાલય સચિવ )**